# બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારીઓને ડયુટી લીવ (ડી.એલ.) મંજુર કરવા અંગે.

ગુજરાત માધ્યમિક અને ઉ.મા.શિક્ષણ બોર્ડ, ક્રમાંક : મઉમશબ/ગ/ટિ–૬/૧૬૬૬–૭૭૫
સેકટર–૧૦બી,સચિવાલય પાસે, ગાંધીનગર તા.૧૫–૨–૨૦૦૫

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારી, (તમામ) ગુજરાત રાજય
ગુજરાત રાજય.

**વિષય :** ડયુટી લી(ડી.એલ.) મંજૂર કરવા બાબત.

ઉપરોકત વિષય પરત્વેના સંદર્ભ દર્શિત ઠરાવથી નકકી થયા મુજબ રાજયની નોંધાયેલ માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાના કર્મચારી સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની સંવૈધાનિક રીતે રચાયેલી શિક્ષણ સમિતિમાં કોઈ હોદો ધરાવતા હોય અથવા સરકાર માન્ય યુનિવર્સિટીમાં સિન્ડિકેટ/ સેનેટ સભ્ય તરીકે પોતાની સેવાના સંવર્ગમાં પ્રતિનિધિ તરીકે ચૂંટાયેલા હોય અને હોદાની રૂએ તેમણે બજાવવાની કેટલીક કામગીરી માટે અથવા જાહેર હિતના કાર્યક્રમમાં હોદાની રૂએ હાજરી આપવાની થતી હોય ત્યારે તેટલા સમય પૂરતી ડયૂટી લી (ડી.એલ) મંજુર કરવાનુ નકકી કરવામાં આવ્યું છે.

ઉપરોકત જણાવેલ સંજોગોમાં આ પ્રકારનો હોદો ધરાવતા કર્મચારીને ડયુટી લીવ મંજૂર કરવા જિલ્લાની તમામ શાળાઓને સૂચના આપવા જણાવવામાં આવે છે.

**સહી, વી.બી. નાણાવટી**
સચિવ, ગુ.મા. અને ઉ.મા.શિક્ષણ બોર્ડ